જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૯/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૮૭૭/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૪૧ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૨૫ લીટર દેશી દારૂ, ૮૦ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૮૦ બીયરટીન, ૦૨ સ્કુટર, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૮૭૮/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૭૯/૧૭</u>**

**નવરંગપુરા** : કૃણાલભાઇ અરવીંદભાઇ પટેલ (ઉ.વ.૩૭)(રહે,હસમુખ કોલોની નારણપુરા) એ તા.૧૬/૯/૧૭ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૪ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી ડીરેકટર (૧) અમોલભાઇ શ્રીપાલભાઇ શેઠ (રહે, ગામ:કોટેશ્વર, ગાંધીનગર) (૨) અનિશભાઇ કસ્તુરભાઇ શાહ (રહે,અનીસ બંગલો સીપકી એપાર્ટમેન્ટ સામે, પાલડી) (૩) શાલીભદ્ર મહેન્દ્રભાઇ શેઠ (રહે,પ્રેરણાકુટીર બંગલો બોડકદેવ) (૪) કમલભાઇ શેઠ (રહે,આકાશનીમ બંગલો વસ્ત્રાપુર બોડકદેવ) (૫)નલીનકુમાર સુર્યનારાયન ઠાકુર (રહે,શ્રી નિકેતન દર્પણ એકેડેમી સામે, ઉસ્માનપુરા) (૬) ભુમી અંકીત બ્રમ્હક્ષત્રીય(રહે,ઇન્દ્રપ્રસ્થ-૨,તુલીપ સીટાડેલ નજીક આંબાવાડી) (૭)સુનિલ શેઠ (રહે,તીર્થભુમી એપાર્ટમેંટ લો ગાર્ડન) (૮) ગૌરવ ગુણોત્તમ શાહ (રહે, વૃન્દાવન-૨, સેટેલાઇટ) તથા પર્ચેઝ ઓફીસર (૯) હર્ષ ઝવેરી (રહે,અભિલાષા એપાર્ટમેંટ જોધપુર ગામ રોડ સેટેલાઇટ) તથા ઓથોરાઇઝડ સિગ્નેચરી (૧૦) વિશદ અશોક જગાશેઠ (રહે, શિલાલેખ શાહીબાગ) (૧૧) જયરાજ હરીશચંદ પેડનેકર (રહે,ગુજરાત હાઉસિંગ બોર્ડ બાપુનગર) ભેગામળી કૃણાલભાઇ પાસેથી ખુબ મોટા જથ્થામાં માલ ખરીદ કરશે અને તે માલનું પેમેન્ટ ૯૦ દિવસમાં ચુકવી આપશે તેમ કહી કૃણાલભાઇને વિશ્વાસમાં લઇ તેમની નવરંગપુરા, સ્વસ્તીક ચાર રસ્તા પાસે, સમીર કોમ્પ્લેક્ષ માં આવેલ મેસર્સ માણેક એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીમાંથી મકાઇનો માલ ખરીદ કરી, તે પેટે ચુકવવાનું થતુ કુલ પેમેન્ટ રૂપીયા ૪,૮૭,૭૦,૧૪૧/- નહીં ચુકવી કૃણાલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.વી.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૦/૧૭**

**સરદારનગર** : હરિભા વનરાજસિંહ વાઘેલા (રહે,શ્રીનાથ એવન્યુ વિ-૧ નંદીગ્રામ નાના ચિલોડા) એ તા.૧૫/૦૯/૦૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૯/૧૭ સાંજના ૬/૦૦ થી તા.૩/૦૯/૧૭ નાં કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં તથા બાજુમાં રહેતાં નવિનભાઇનાં મકાનનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનોમાં પ્રવેશ કરી, મકાનમાંથી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૪૯,૮૦૦/- અને રોકડ રૂપિયા ૧૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૨,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખરસાણ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૧/૧૭**

**સેટેલાઇટ** : નરેન્દ્ર ચુનીલાલ દામાણી (ઉ.વ.૭૪)(રહે,સંઘમીત્રા સોસાયટી, હિંમતલાલ પાર્કની પાસે, સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૮/૧૭ નાં કલાક ૬/૪૫ થી કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી (૧)મોબાઇલ ફોન નંગ-૦૪ કિંમત રૂપિયા ૧,૪૩,૦૦૦/- (૨) ૩૪૦ અમેરીકન ડોલર (૩) રોકડા રૂપિયા ૩૫૦૦/- (૪)એ.ટી.એમ.કાર્ડ નંગ-૦૨ તથા અગત્યનાં દસ્તાવેજો મળી કુલ કિંમત રૂપીયા ૧,૪૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિક્રમસિંહ સામંતસિંહ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૮૮૨/૧૭**

**માધવપુરા** : સંગીતાબેન ગોપાલભાઇ ખંડેલવાલ (ઉ.વ.૪૬)(રહે, જયમહાવીર સોસાયટી, બોમ્બ ગેરેજની પાછળ, શાહીબાગ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૮/૧૭ નાં કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે મહારાણા પ્રતાપના પૂતળા સામેસમર્પણ બંગલાની પાસે રોડ પરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) સંગીતાબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ઝાલા ચલાવે છે.

**વટવા** : શોભાબેન વા/ઓ કિશનભાઇ શુકલા (ઉ.વ.૫૫)(રહે.નવરંગ ટેનામેન્ટ, પાર્થેસ્વર મહાદેવ મંદીર પાસે ગેબનશા વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૮/૧૭ નાં કલાક ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શોભાબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સર્વેલન્સ સ્કોર્ડ નાઓ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૮૩/૧૭**

**ચાંદખેડા** : રાજેશકુમાર કેશવલાલ રાઠોડ (ઉ.વ.૩૧)(રહે,પ્લોટ એરીયા મજુર મહાજનની ઓફીસની બાજુમાં રેલ્વે પુર્વ કલોલ તાકલોલ જી.ગાંધીનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૬/૯/૧૭ ના કલાક ૯/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે હાઈવે મોલમાં આવેલ દુકાન નં-જી/૭૪ ની આઈડીયા કેરની ઓફીસમાં આવેલ પાટીશન વાળા રૂમમાં છતની સીલીંગ ફેન સાથે સાડી જેવા કપડાથી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે ચાંદખેડા પોલીસ અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભુપતસિંહ ઉમેદસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.